## ❖ અભ્યાસના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમ-અક્ષર પ્રમનની સામે માં લખો :

(1) 'મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત'નો અર્થ ... [ખ]

(ક) ગુજરાતમાં જન્મ થયો એ સદ્ભાગ્ય છે.

(ખ )ગુજરાત સ્વતંત્ર પ્રદેશ બન્યો.

(ગ) ગુજરાતમાં રહેવાની ખૂબ જ મજા છે.

(ઘ) ગુજરાત શાંત, સારું અને સુવિધાવાળું રાજ્ય છે.

(2) કાવ્યમાં 'ગુજરાત મૌરી મોરી રે ...' શબ્દો વારંવાર વપરાયા છે, એ શું બતાવે છે? [ગ]

(ક) માલિકી ભાવ

(ગ) ગુજરાત પ્રત્યેનો પ્રેમ

(ખ) ગાવાની મજા.

(ઘ) ગુજરાતની વિશેષતા

(3) 'ઈડરિયો ગઢ' જોવા ક્યાં જવું પડે? [ખ]

(ક) ગિરનાર પર્વત પર

(ખ) ઈડરના ડુંગરા પર

(ગ) પાવાગઢ પર

(ઘ) ગબ્બર પર

પ્રશ્ન 2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) ગુજરાતને કવિએ કેવી કહી છે?

➢ ગુજરાતને કવિએ મોંઘેરી કહી છે.

(2) નર્મદાનું બીજું નામ લખો.

➢ નર્મદાનું બીજું નામ : "રેવા'.

(3) 'ચરોતર' પ્રદેશ ક્યાં આવેલો છે?

- 'ચરોતર' પ્રદેશ મહી અને સાબર નદીઓ વચ્ચે આવેલો છે. ચરોતરમાં 104 ગામો આવેલાં છે.

(4) સારસની જોડી ક્યાં સહેલ કરે છે?

- સારસની જોડી જલાશયના નિારે સહેલ કરે છે.

(5) નર્મદના સમયે ગુજરાતની સ્થિતિ કેવી હતી?

- નર્મદના સમયમાં ગુજરાતની સામાજિક સ્થિતિ સારી નહોતી, ગુજરાતનું જીવન દોહલું હતું.

## ❖ સ્વાધ્યાયના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) કાવ્યમાં ગુજરાતના કયા કયા પ્રદેશોનો ઉલ્લેખ થયો છે? એ પ્રદેશો શા માટે જાણીતા છે?

- કાવ્યમાં ગુજરાતના ચરોતર અને ચોરવાડ પ્રદેશોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચરોતર એની ફળદ્રુપ જમીન અને ઔદ્યોગિક વિકાસ માટે તેમજ ચોરવાડ દરિયાકિનારાના વિહારધામ તરીકે જાણીતા છે.

(2) કાવ્યમાં ગુજરાતની કઈ કઈ નદીઓ અને પર્વતોનો ઉલ્લેખ થયેલો છે? એમની વિશિષ્ટતા જણાવો.

- **ગુજરાતની નદીઓ અને એમની વિશેષતાઓ :**
- **સાબર :** સાબરકાંઠાના ઈશાન ભાગથી વહેતી સાબરમતી હિંમતનગર નજીકુ હાથમતીને મળે છે, ત્યાં સુધી સાબરમતી 'સાબર' તરીકે અને પછી સાબરમતી તરીકે ઓળખાય છે. કવિએ સાબરમતી સાથે સંકળાયેલી વીરગાથાઓનું સ્મરણ કર્યું છે.

- **રેવા :** નર્મદાનું બીજુ નામ 'રેવા' છે. "રેવા' એટલે કૂદવું. નર્મદા ઠેકઠેકાણે ભૂસકા મારે છે. તેથી તેનું નામ "રેવા' પડ્યું છે. રેવાના અમૃત જળના ધીમા અવાજનો કવિએ ઉલ્લેખ કર્યો છે.

**ગુજરાતના પર્વતો અને એમની વિશેષતાઓ :**

- **ગિરનાર :** ગિરનાર ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. એની ટ્રકોનો ઉલ્લેખ કરીને, કવિએ એનું ઐતિહાસિક તથા ધાર્મિક મહત્ત્વ દર્શાવ્યું છે.

- **પાવાગઢ :** પાવાગઢ પર્વત ઉપર કાલિકામાતાનું મંદિર છે. ત્યાંનું ધાર્મિક વાતાવરણ ભક્તોનાં હૃદય ભરી દે છે.

- **ઈડરિયો ગઢ :** ઈડરના ઈડરિયા ગઢનું જૂનું નામ 'ઈલ્વદુર્ગ" હતું. અનેક કહેવતો, લોકોક્તિઓ અને લોકગીતોમાં 'ઈડરિયા ગઢ'નો ઉલ્લેખ થયો છે.

(3) ગુજરાતનું સૌંદર્ય કયા શબ્દોમાં નિરૂપવામાં આવ્યું છે?

- ગુજરાતનું સૌંદર્ય આ શબ્દો દ્વારા નિરૂપવામાં આવ્યું છે : સાબરનાં મર્દીની સૌશલાં, રેવાનાં અમૃત (જળ), સમદરનાં મોતીની છોળો, ગિરનારી , ઈડરિયો ગઢ, પાવાગઢ, ચોરવાડ અને ચરોતર, કોયલ અને મોર, નમણી પનિહારીઓ, સારસ વગેરે.

(4) કાવ્યમાં જે-જે પક્ષીઓનો ઉલ્લેખ થયેલો છે, એમની વિશેષતાઓ જણાવો.

- કાવ્યમાં કોયલ, મોર અને સારસ પક્ષીઓનો ઉલ્લેખ થયેલો છે. કોયલ, મધુર અવાજે ગીતો ગાય છે. મોર, ટહુકો કરે છે. સારસ, હંમેશાં સારસી સાઈ જોવા મળે છે. સારસ બેલડી ઉત્તમ સ્નેહનું પ્રતીક છે.

પૂન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો :

(1) ગુજરાતમાં આવેલી નદીઓની યાદી તૈયાર કરીને કોઈ પણ એક નદી વિશે ચાર-પાંચ વાક્યો લખો.

- **ગુજરાતની મહત્ત્વની નદીઓ :** નર્મદા, તાપી, મહી, સાબરમતી, સરસ્વતી, બનાસ, ભાદર અને શત્રુંજી. ગુજરાતની નાની નદીઓ : ભોગાવો, મૂચ્છ,.
- **સાબરમતી :** તે રાજસ્થાનની અરવલ્લી હારમાળાના નૈઋત્ય ઢોળાવમાંથી નીકળે. કે તેને ખારી, ભોગાવો, મેયો, સુકભાદર, શેઢી, હાથમતી અને અંજલી નદીઓ છે. ધોળકાથી નેત્યે વૌઠા નજીક સાત નદીઓનો સંગમ થાય છે સાબરમતી, હાથમતી, ખારી, માઝુમ, મેશ્વો, વાત્રક અને શેઢી, સાબરમતી ઉપર ખેરાલુ તાલુકાના ધરોઈ નજીક બંધ બનાવવામાં આવ્યો છે.

(2) ગુજરાતમાં આવેલા પર્વતોની યાદી તૈયાર કરીને કોઈ પણ એક પર્વત વિશે ચાર-પાંચ વાક્યો લખો.

- **ગુજરાતમાં આવેલા પર્વતો :** સૌરાષ્ટ્રમાં બરડો, ચોટીલો, શેત્રુંજો અને ગિરનાર પર્વતો છે. ગુજરાતની ઉત્તર અને પૂર્વ સરહદે અરવલ્લી, વિધ્ય, સાતપુડા અને પશ્ચિમ ઘાટ જેવી ગિરિમાળા છે. સાબરકાંઠા અને બનાસકાંઠામાં આરાસુર ગિરિમાળા છે. દાંતા તાલુકામાં ગુરુનો ભાંખરો છે; અમીરગઢ પાસે જાસોરનો ડુંગર છે. ગુજરાતના તારંગા અને ઈડરના ડુંગરો પણ પ્રસિદ્ધ છે.

- **ગિરનાર :** ગિરનાર ગિરિમાળાનો સમૂહ છે. અંબાજી, ગોરખ, ઓઘડ, દત્તાત્રેય તથા કાલિકા આ પાંચ તેનાં મુખ્ય શિખરો છે. ગિરનારની તળેટી તેમજ શિખરો ઉપર અનેક ધાર્મિક સ્થાનો છે. અહીં જૈનોનાં દેરાસરો પણ છે. ગિરનાર ઉપર જવા માટે સોપાન માર્ગ છે. આ પર્વત પર વિશિષ્ટ પ્રકારનાં વૃક્ષો જોવા મળે છે. અહીં દીપડા, રોઝ, ભૂંડ, સાબર, હરણ, શિયાળ, ઘોરખોદિયાં, શાહુડી વગેરે રાની પશુઓ જોવા મળે છે.

પ્રાસયુક્ત જોડકણાં બનાવવાનો પ્રયત્ન કરો. કોઈ પણ બે જોડકણાં બનાવો.

**પ્રાસયુક્ત જોડકણાં**

**(i)** નદીકિનારે હોડી,
બીજો સાવ મેલો,
ત્રીજો એનો ચેલો;
ચોથો બાંધે મહેલો.

**(ii)** મોટો ભાઈ ઘેલો,
બંને બાંધવની જોડી,
શોધે એમની ઘોડી;
રાત રહી છે થોડી.

પ્રશ્ન 3. નીચેના શબદોના સમાનાર્થી શબ્દો લખો .

(1)ભૌમ = ભૂમિ, જમીન
(2) સમંદર = સમૃદ્ધિદરિયો
(3) હેત = પ્રેમ, સ્નેહ
(4) નયન, = લોચન
(4) હૈયું = હ્રદય, ઉર
(5) નીર = પાણી, જળ

પ્રશ્ન 4. નીચેની કાવ્યપંક્તિઓ પૂર્ણ કરી ?

(1) સાબરનાં મર્દીની ...................................... નવરાવતી,

- સાબરનાં મદની સોણલાં સુબ્રાવતી,
  રેવાનાં અમૃતની મર્મર ધરાવતી,
  સમદરનાં મોતીની છોળે નવરાવતી,

નર્મદની ................................. કેમ કરી ભૂલવી?

- નર્મદની ગુજરાત દોહાલી રે જીવવી,
  ગાંધીની ગુજરાત કપરી જીરવવી,
  એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી ?

પ્રશ્ન 5. ગુજરાત વિશે આઠ-દસ વાક્યો લખો.

- ગુજરાત સમૃદ્ધ અને વિકાસશીલ રાજ્ય છે. તેની ઉત્તરે રાજસ્થાન છે. અરવલ્લી ગિરિમાળામાં આબુ, આરાસુર, તારંગા, અને સાબરકાંઠાના ડુંગરો આવેલા છે. પશ્ચિમ તરફ અરબી સમુદ્ર છે. ગુજરાતના લોકજીવનમાં સ્વાભાવિક રીતે ડ વૈવિધ્ય જોવા મળે છે. પહેરવેશ અને ભોજનની રીતભાતથી ગુજરાત ભારતમાં અલગ તરી આવે છે. અમદાવાદનું શાણપણ, સૂરતનું જમણ અને સૌરાષ્ટ્રનું આતિ, વખણાય છે. ગુજરાતી પ્રજાના જીવનઘડતરમાં સૌથી મોટો ફાળો એના ભૌગોલિક સ્થાન અને ભવ્ય ઇતિહાસનો છે.

પ્રશ્ન 6. સૂચના પ્રમાણે કરો :

(1) શબ્દને અંતે 'લે' આવે તેવા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.

- ટોલે, ડગલે, અંબોડલે, જોડલે

(2) આવા બીજા શબ્દો મેળવો અને લખો.

- ખાટલે, બેડલે, ઓટલે, ઘોડલે

(3) આ શબ્દોનો ઉપયોગ કરી પ્રાસયુક્ત એક-બે પંક્તિ બનાવો.

- ખાટલે મોટી ખોડ.
  **બેડલે બેડલે** મેં તો પાણી ભય રે લોલ.
  બેની બેઠી વાટ જુએ **ઓટલે**;

વીર એનો આવે બેસીને **ઘોડલે**.

(4) તમે પંક્તિ કેવી રીતે બનાવી શક્યાં? તમે બનાવેલી પંક્તિ વર્ગ સમક્ષરજૂ કરો.

- કાવ્યમાંની લે’ શબ્દો આવતા હોય એવી પંક્તિઓના અભ્યાસથી, બીજી પંક્તિો બનાવી શકાય છે.
- [**નોંધ:** વિધાર્થી આ પંક્તિો તેમજ બીજી પંક્તિઓ વર્ગમાં વાંચો…]

પ્રશ્ન 7. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

[ટોડલે, મોજાં, ઊમટે, અમીમીટ, આંખ, ભોમ]

- અમીમીટ, આંખ, ઊમટે, ટોડલો, ભોમ, મોજા